# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 29-06-2025 Day: Sunday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## PM-મન કી બાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 123મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે. મન કી બાતને આવરી લેતું કચ્છી બુલેટીન આકાશવાણી ભુજ દ્વારા આજે સાંજે 7 અને 5 મિનિટે પ્રસારીત કરાશે.

-----------------------------------------------------------------------------------------

## PMની શુભાંશુ શુકલા સાથેની વાતચીત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લા સાથે વાતચીત કરી હતી. બુધવારે, ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લાને લઈને જતું એક્સિઓમ-4 મિશન અમેરિકાના ફ્લોરિડામાં કેનેડી સ્પેસ સેન્ટરથી લોન્ચ કરવામાં આવ્યું હતું. કેપ્ટન શુક્લા અવકાશમાં મુસાફરી કરનાર બીજા ભારતીય અવકાશયાત્રી છે. ચાર

દાયકા પહેલા, વિંગ કમાન્ડર રાકેશ શર્માએ 1984માં સોવિયેત મિશન હેઠળ અવકાશમાં મુસાફરી કરી હતી.

---------------------------------------------------------------------------------------------------

## કેન્દ્રીય ગૃહમંત્રીની ગુજરાત મુલાકાત :

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના આદરોડા ગામમાં વિવિધ કામોનું લોકાર્પણ કર્યું. જેમાં ADC બેન્ક, સેવા સહકારી મંડળી, કોમ્યુનિટી હૉલનો સમાવેશ થાય છે. આ પ્રસંગે શ્રી શાહે જણાવ્યું કે સાણંદ વિધાનસભાના 54 ગામોમાં GIDC દ્વારા પ્રાથમિક સુવિધા અપાશે.

આ અગાઉ, શ્રી શાહે પંચમહાલ જિલ્લાના ગોધરા સ્થિત શ્રી ગોવિંદ ગુરુ વિશ્વવિદ્યાલય ખાતે વિવિધ પરિયોજનાઓનું ઇ-લોકાર્પણ તથા ઇ-ખાતમુહૂર્ત કર્યું. તેમણે નવનિર્મિત સેન્ટર ઓફ એક્સલન્સ ભવન, મિયાવાકી પદ્ધતિથી વાવેતર, જળાશય અને સ્પોર્ટ્સ કોમ્પલેક્સનું લોકાર્પણ કર્યું હતું.

---------------------------------------------------------------------------------------------------

## મુખ્યમંત્રીની ભુજ મુલાકાત:

કચ્છની બે દિવસની મુલાકાતે આવેલા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ગઈકાલે બીજા દિવસે અનેકવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહ્યા હતા.

કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-2025 અંતર્ગત મુખ્યમંત્રી શ્રી પટેલે જિલ્લાના સરહદી પ્રથમ ગામ કુરન ખાતે ઉપસ્થિત રહી બાળ વિદ્યાર્થીઓને ઉષ્માભેર આવકાર આપી શાળા પ્રવેશ કરાવ્યો હતો.

આ પ્રસંગે તેમણે કુરનના ગ્રામજનોને 'ઓપરેશન સિંદૂર'ની સફળતા અને શિક્ષણ પ્રત્યેની તેમની જાગૃતિ બદલ અભિનંદન પાઠવતા જણાવ્યું કે, આ ગામ અને સમગ્ર વિસ્તારમાં શિક્ષણ પ્રત્યેની જાગૃતિ અભૂતપૂર્વ છે અને અભ્યાસ છોડી દેનાર બાળકોનું શાળામાં પુનરાગમન એ સફળતાનો જીવંત પુરાવો છે.

તેમણે સ્પષ્ટપણે કહ્યું કે, આજની દરેક સમસ્યાનું સમાધાન શિક્ષણમાં જ છે. કચ્છ જિલ્લામાં શિક્ષકોની ઘટને પહોંચી વળવા માટે 4100 શિક્ષકોની ભરતી કરવામાં આવી રહી છે, આ શિક્ષકો કચ્છમાં જ રહી પોતાની ફરજ બજાવશે.

આ કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કચ્છના કુલ ૧૦૭ કરોડ ૬૦ લાખના વિવિધ વિકાસ કાર્યોનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કર્યું હતું.

---

## સિંદૂરવનનું ખાતમૂહુર્તઃ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ગઈકાલે ભુજ ખાતે વિશાળ વિસ્તારમાં નિર્માણ પામનાર શૌર્યના પ્રતીકસમાન સિંદૂરવનનું ખાતમૂહુર્ત કરવામાં આવ્યું હતું. ભારતીય થલસેના, વાયુસેના, નૌસેના, બીએસએફ તથા પહેલગાવ હુમલામાં મૃત્યુ પામેલ નાગરિકોને સમર્પિત એવા "સિંદૂર વન" વન કવચનું વિધિવત ભૂમિપૂજન કરવામાં આવ્યું. આ પ્રસંગે મુખ્યમંત્રીએ વન કવચ વિકસાવવાની પદ્ધતિની વિગતવાર સમજ મેળવી હતી.

ભુજના મિરઝાપર હાઇવે પર પશ્ચિમ કચ્છ વન વિભાગ દ્વારા તૈયાર થઇ રહેલા સિંદૂર વનમાં વિશાળ વિસ્તારમાં ૮૦ હજાર રોપાનું વાવેતર કરવામાં આવશે. આ સિંદુર વનમાં ભારતની લશ્કરની તાકાત સમાન હવાઈ જહાજ, નેવી, લશ્કર, બી.એસ.એફ., વગેરેની થીમ આધારિત ચારેય પાંખના આધુનિક સાધનો મૂકવામાં આવશે.

---

## સિનિયર મહિલા હેન્ડબોલ ચેમ્પિયનશીપઃ

ભુજની મુલાકાત દરમ્યાન ગઈકાલે મુખ્યમંત્રીએ ભુજ કચ્છી લેવા પટેલ સમાજના સરદાર પટેલ વિદ્યા સંકુલમાં આયોજિત રાષ્ટ્રીયકક્ષાની સિનિયર મહિલા હેન્ડબોલ ચેમ્પિયનશીપનો મશાલ પ્રજ્વલન સાથે ટોસ ઉછાળી પ્રારંભ કરાવ્યો હતો. આ ૫૪મી સિનિયર મહિલા હેન્ડબોલ સ્પર્ધામાં ૩૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ટીમની ૫૪૦ મહિલા ખેલાડીઓ ભાગ લઇ રહી છે.  સ્પર્ધામાં અર્ધલશ્કરી દળો જેવા કે એસ.એસ.બી, બીએસએફ,

સીઆરપીએફ, પંજાબ પોલીસના ચુનંદા મહિલા ખેલાડીઓ સંબધિત રાજ્યોની ટીમોમાં ભાગ લઇને પોતાનું કૌવત દર્શાવશે.

---------------------------------------------------------------------------------------------

## હવમાન:

આગામી 4 દિવસ માટે રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યાઅનુસાર આજે કચ્છ અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લામાં વરસાદનું ભારેથી અતિભારે વરસાદની આગાહી સાથે ઓરેન્જ એલર્ટ અપાયું છે.

---------------------------------------------------------------------------------------------